**કામીની દોષી**
**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**નોર્થ ઝોન (કતારગામ)**

**નં. એનઝેડ/આઉટ/૧૪૨૭૩**
**તારીખ : ૧૬/૦૨/૨૦૨૪**

## –: સંમતિ પત્ર :–

**પ્રતિ,**
**ઈજારદારશ્રી**
................................
................................
................................
................................

**વિષય** :– નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૧ (લાલદરવાજા), ૩ (કતારગામ), ૧૯ (કતારગામ), કતારગામ ગામતળ અને ફુલપાડા ગામતળ એરીયાનાં વિવિધ રસ્તાઓ પરનાં ડીવાઈડર, ફુટપાથ–કર્બ, ચેઈનલીંક, ડીવાઈડર ગ્રીલ / બી.આર.ટી.એસ. રેલીંગ અને ગાર્ડસ્ટોનને વાર્ષિક ધોરણે કલરકામ કરવાનું કામ.

**સંદર્ભ** :– (૧) સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૭૩૯/૨૦૨૩, તા.૦૨/૧૧/૨૦૨૩ થી મંજુર થયેલ યુનિટ રેઈટ.
(૨) મે. એડી. સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની તા.૧૩/૦૨/૨૦૨૪ ની મંજુરી.

**મહાશય,**

ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૧ (લાલદરવાજા), ૩ (કતારગામ), ૧૯ (કતારગામ), કતારગામ ગામતળ અને ફુલપાડા ગામતળ એરીયાનાં વિવિધ રસ્તાઓ પરનાં ડીવાઈડર, ફુટપાથ–કર્બ, ચેઈનલીંક, ડીવાઈડર ગ્રીલ / બી.આર.ટી.એસ. રેલીંગ અને ગાર્ડસ્ટોનને વાર્ષિક ધોરણે કલરકામ કરવાનું કામ હાલમાં જ સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૭૩૯/૨૦૨૩, તા.૦૨/૧૧/૨૦૨૩ થી મંજુર થયેલ ટેન્ડર અંદાજીત રકમ થી ૩૮.૩૫ % નીચા ભાવોને આગામી ૦૧(એક) વર્ષ સુધી અથવા નવા યુનિટ રેઈટનું ટેન્ડર મંજુર થાય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી યુનિટ રેઈટ તરીકે મંજુર કરવાનું ઠરાવવામાં આવેલ હોય, સદર કામગીરી સંદર્ભ (૧) મુજબથી મંજુર થયેલ યુનિટ રેઈટ મુજબ અંદાજીત રકમ રૂા.૪૮,૫૩,૬૯૦.૦૦ પૈ. થી ૩૮.૩૫% નીચાં ભાવ મુજબ રૂા.૨૯,૯૨,૨૯૯.૮૯ પૈ. ની મયાર્દામાં ઉકત વિષય મુજબની કામગીરી કરાવવાનું કામ સંદર્ભ (૨) થી મંજુર કરવામાં આવેલ છે.

ઉપરોકત નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૧ (લાલદરવાજા), ૩ (કતારગામ), ૧૯ (કતારગામ), કતારગામ ગામતળ અને ફુલપાડા ગામતળ એરીયાનાં વિવિધ રસ્તાઓ પરનાં ડીવાઈડર, ફુટપાથ–કર્બ, ચેઈનલીંક, ડીવાઈડર ગ્રીલ / બી.આર.ટી.એસ. રેલીંગ અને ગાર્ડસ્ટોનને વાર્ષિક ધોરણે કલરકામ કરવાની કામગીરી રૂા.૨૯,૯૨,૨૯૯.૮૯ પૈ. ની મયાર્દામાં મંજુર થયેલ યેનિટ રેઈટ આધિન કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખિત સંમતિ બંધ કવરમાં તા.૨૭/૦૨/૨૦૨૪ સુધીમાં નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

### –: શ ર તો :–

૧ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા. ૩૦,૦૦૦/– ની આપવાની રહેશે.

૨ ઈજારદારે ' ઈ–૧ વર્ગ ' રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩ ઈજારદારે અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂા. ૬,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમની વર્તમાન(ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪ ઈજારદારે પુર્ણ કરેલ કામના/અનુભવના સર્ટીફીકેટ (FORM 3A) ની પ્રમાણિત નકલ સંમતિપત્ર સાથે આપવાની રહેશે.

૫ ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ. ટી. રીટર્નની નકલો સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬ ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૭ ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૮ ઈજારદાર શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતો ને બંધનકર્તા રહેશે.

૯ કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહીં.

૧૦ તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવવાના રહેશે.

૧૧ તમામ સરકારી / અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૨ સદર કામગીરી બાબતે અત્રેના રસ્તા વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૩ સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Technical Specification મુજબ કરવાની રહેશે.

--S.D--
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન(કતારગામ)
સુરત મહાનગરપાલિકા